

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ગ્રંથમાંથી
## **સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિ** વિષયક વચનામૃતો

### સમ્યક્જ્ઞાનની પ્રવૃત્તિ

બધા શાસ્ત્રોનો, બાર અંગનો સાર તો 'હું' છું; બાકી બધી વાતો તો જાણવાની છે. 'સ્વયં'ને દષ્ટિમાં લીધો, પછી જે જ્ઞાન ઉઘડે છે તે બધી વાત જાણી લે છે. (૩૩૬)

❀

દષ્ટિની વાત મુખ્ય રાખીને બધી ખતવણી કરવી જોઈએ. આ તરફ (અંતરમાં) દષ્ટિ થતાં જે જ્ઞાન થયું... તે (જ્ઞાન) વસ્તુને જેવી છે તેવી જ જાણી લ્યે છે. આ દષ્ટિ વિના તો કોઈ વાતમાં વધારે ખેંચાઈ જાય છે અથવા કોઈ વાતને ઢીલી કરી દે છે. પરંતુ દષ્ટિ થવાથી જ્ઞાન (મધ્યસ્થ થઈ જાય છે, માટે) જેની જેટલી-જેટલી મર્યાદા છે તે અનુસાર જ જાણે છે. (સ્વરૂપદષ્ટિમાં સર્વસ્વરૂપથી સ્વરૂપની ઉપાદેયતા થઈ જાય છે. અને પરિણમનનું એવું વલણ થઈ જવાથી જ્ઞાનમાં અવિવેક ઉત્પન્ન નથી થતો જેથી જ્ઞાન અયથાર્થરૂપથી હીનાધિક વજન નથી દેતા. એવી સમ્યક્ મર્યાદાપૂર્વક જ્ઞાનની પ્રવૃત્તિ રહે છે. (૩૩૮)

❀

જેને અનુભૂતિ થઈ તે જીવ અનુભવના બળથી, કઈ વાત સાચી છે ? (અથવા જે વાત અનુભવથી મળતી નથી તે અસત્ય છે એમ) તરત જાણી લે છે. (૩૪૧)

❀

આ તરફ (અંતરમાં) દષ્ટિ થયા વિના જ્ઞાન યથાર્થ થતું નથી. દષ્ટિ થતાં ઉત્પન્ન થયેલું જ્ઞાન પોતાનો (પરમાં) કેટલો અટકાવ છે ? પોતાની સ્વભાવમાં કેટલી જમાવટ છે ? કેટલો રસ છે ? તે બધું સહજ જાણી લે છે. (૩૪૨)

❀

જે અપેક્ષાએ વસ્તુનો જે સ્વભાવ છે તે અપેક્ષાએ સો એ સો ટકા એવો જ એકાંતતસ્વભાવ છે. પછી તે સ્વભાવને અપેક્ષા લગાડવાથી ઢીલો થઈ શકતો નથી. (૩૫૫)

❀

ત્રિકાળીમાં એકત્વ થતાં રાગ એવો ભિન્ન દેખાય છે કે જેમ બીજી ચીજ પ્રત્યક્ષ ભિન્ન દેખાય છે; તેમ જ રાગ પ્રત્યક્ષ જુદો જ દેખાય છે. (૩૯૧)

❀

મોઢામાં પાણીની સાથે કચરો આવતાં જ ખદ્‌બદાટ થઈને મોઢામાંથી (ફેંકી દેવામાં) કાઢી નાખવામાં આવે છે, તેમ રાગનું વેદન તે તો કચરો છે. જ્ઞાની તેને પોતાનો માનતા જ નથી. જ્ઞાનીને કોઈપણ ક્ષણે રાગમાં અહંપણું આવતું જ નથી. (૪૪૯)

❀

જ્ઞાનીને રાગ બોજારૂપ લાગે છે. ભારે ચીજ ઉપર હલકી ચીજ હોય તો બોજો ન લાગે, પરંતુ હલકી ચીજ પર તો ભારે ચીજનો બોજો લાગે જ. તેમ જ્ઞાનીને રાગ બોજારૂપ લાગે છે. ખટકે છે, ખૂંચે છે. (૪૫૦)

❀

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૧ : અંક-૨૦૮, વર્ષ-૧૯, જાન્યુઆરી-૨૦૧૫

## કારતક વદ ૪, શનિવાર, તા.૧૮-૧૧-૧૯૭૮, બહેનશ્રીના વચનામૃત-૩૮૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૧૫૪

**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, જ્ઞાન માર્ગ દેખાડે છે. મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે, ક્રિયાથી નહિ. માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગ-પ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે. ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે. આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે. ૩૮૬.**

'**બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી,...**' આહા..હા..! બહારની ક્રિયા એવી લાગે, પરિષહ સહન કરે, કાયામાં પરસેવા ઉતરી જાય, ધોમ તડકાથી આમ ગરમ... ગરમ... ગરમ... શરીર થઈ જાય, ધોમ પત્થરની ગરમી ઉપર બેસે અને આમ સહન (કરે). એ બધી બહારની ક્રિયા એથી કાંઈ ચીજ (પ્રાપ્ત ન થાય). આહા..હા..!

મુમુક્ષુ : એમાંથી લબ્ધિ પ્રાપ્ત થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી : એમાંથી ધૂળેય થાય નહિ કાંઈ. આહા..હા..! એ તો સમ્યક્ આત્માની ધાતુ ચૈતન્ય છે, એને પકડ્યા પછી એને લબ્ધિ કોઈ થાય સાચી, અજ્ઞાનીને તો સાધારણ થાય, વિભંગજ્ઞાન થાય છે. સાત દ્વીપ, સાત સમુદ્ર દેખે છે. વિભંગ અજ્ઞાન. સાત દ્વીપ, સાત સમુદ્ર (દેખે). એથી શું ? આહા..હા..! એ પાછું અવરાય જવાનું. મિથ્યાત્વનું જોર છે તે નિગોદમાં જવાનો. એ અક્ષરના અનંતમા ભાગે થઈ જવાનું પાછું, બાપુ ! આહા..હા..! આવી વાત છે.

ધ્રુવમાંથી અંકુરા ફૂટ્યા જે જ્ઞાનના... આહા..હા..! જે દળ છે આખું ચૈતન્યદળ, જેમાં બંધ અને મોક્ષની પર્યાય પણ નથી. આહા..હા..! બંધ અને મોક્ષની પર્યાયવાળો જાણવો એ પણ એક મિથ્યા અભિપ્રાય છે. આહા..હા..! કેમ કે

એ તો પર્યાય છે. આહા..હા..! દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પ્રભુ... આહા..હા..! એને ઓળખીને એમાં સ્થિર થા, ત્યાં ટકી જા જરીક. તને ઓળખાશે કે આત્મા પૂર્ણાનંદ નાથ છે અને તને તેની પ્રાપ્તિ પર્યાયમાં થશે. પર્યાયમાં જે રાગની પ્રાપ્તિ અનાદિથી છે (એ છૂટી જશે). આહા..હા..! આવી વાતું છે હવે.



**'બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી,...'** આહા..હા..! જંગલમાં રહે, ધોમ તડકાની તપેલી પત્થરની શીલા ઉપર બેસે અને શિયાળામાં પાણી ભરેલું મોટું તળાવ હોય, પાંચ, પચ્ચીસ કોશમાં, એની ઠંડી હવા, ઠંડી આવે, પોષ મહિનાનો વખત હોય, પાળે બેસી એ ઉઘાડે ડીલે (શરીરે) સહન કરે, એ કોઈ ચીજ નથી. આહા..હા..! એ ક્રિયાઓ કાંઈ માર્ગ દેખાડતી નથી. આહા..હા..!

**'જ્ઞાન માર્ગ દેખાડે...'** જાણક સ્વભાવ છે એનો અને અહીં જાણક સ્વભાવ પ્રગટ કરે તો એને માર્ગ દેખાડે. આહા..હા..! જેને સઘળા વિષયાનંદમાંથી રુચિ ખસી જાય અને જેને બહારની અગવડતા ને સગવડતામાં ભેદ પાડવું ખસી જાય કે આ પ્રતિકૂળ છે ને આ અનુકૂળ છે એ વસ્તુ ચાલી જાય. આહા..હા..! જેને આત્મા જણાતા પરવસ્તુ જ્ઞેય તરીકે જાણે, પણ આ વસ્તુ મને પ્રતિકૂળ છે ને અનુકૂળ છે એવું ચીજમાં નથી. ચીજમાં તો પ્રમેયત્વ શક્તિ છે તો પ્રમાણજ્ઞાનનો વિષય થાય. આહા..હા..! શું કીધું એ ?

ભગવાનઆત્માનો જ્ઞાન સ્વભાવ, એનું ભાન થતાં તેને બધી ચીજો જ્ઞેય તરીકે પરજ્ઞેય તરીકે, પરજ્ઞેય તરીકે જાણે. પણ આ પ્રતિકૂળ છે કે અનુકૂળ છે એ દૃષ્ટિ ઉઠી ગઈ હોય છે. આહા..હા..! આવી ચીજ, આહા..હા..! કારણ કે પરચીજ તો પરજ્ઞેય તરીકે છે. એમાં પરચીજ કોઈ અનુકૂળ-પ્રતિકૂળ એવી કોઈ એમાં છાપ નથી. એવો કોઈ જ્ઞેયમાં ગુણ નથી કે આ પ્રતિકૂળ ને અનુકૂળ થવું. આહા..હા..! ફક્ત એ વસ્તુ જે છે, પોતે જ્યાં જ્ઞાન સ્વરૂપ (છે), એનું જ્યાં ભાન થયું એટલે બધી ચીજો તેને જ્ઞેય તરીકે જાણવામાં રહે. આહા..હા..! પણ ક્યારે ? સ્વ પ્રકાશક પર્યાય પ્રગટી ત્યારે. સમજાણું કાંઈ ? કેમ કે ભગવાનઆત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. તેથી સ્વપ્રકાશક ભગવાનઆત્માના અસ્તિત્વનો અનુભવ થયો, ઓળખાણ થઈ, પ્રતીતિ થઈ અને અંશે લીનતા પણ થઈ. આહા..હા..! ત્યારે તે જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવાથી પરજ્ઞેયને જાણવા તરીકે જાણે પણ એમાં પરજ્ઞેય મને ઠીક નથી ને અઠીક નથી એવું એમાં નથી. આહા..હા..!

આવે છે ને નિંદા પ્રશંસા. પાછળ નથી આવતું ? નિંદા પ્રશંસા છે એ તો શબ્દની પર્યાય છે. આહા..હા..! કોઈ પ્રશંસા કરે, કોઈ નિંદા કરે. એ તો સ્વપ્રકાશક જ્ઞાન થયું છે તેમાંથી પરજ્ઞેયને તરીકે જાણવા જેવું છે પણ આ નિંદા ને આ પ્રશંસા મારી કરે છે

એમાં એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ આવે છે ને પાછળ નહિ ? નિંદા પ્રશંસા. એ એમ કહેવા માગે મૂળ કે એ પરજ્ઞેય છે. એમાં આ મારી નિંદા ને મારી પ્રશંસા એ વસ્તુ નથી. આહા..હા..! જેને સ્વ આત્માની પ્રતીતિ ને આત્મા પ્રાપ્ત થયો સમ્યક્‌માં એને પરવસ્તુ જ્ઞેય તરીકે છે. કેમ કે આત્માનો પ્રમાણ સ્વભાવ છે તેથી સ્વ-પરપ્રકાશક તરીકે પરને જ્ઞેય તરીકે જાણે. પણ પર મારો આ દુશ્મન છે ને આ મારો સજ્જન છે એવું કોઈ જ્ઞેયમાં નથી તેથી જ્ઞાનમાં પણ એ નથી. આહા..હા..!

આ મારો દીકરો છે ને આ તારો છે એ એમાં રહેતું નથી, એમ કહે છે. આ મારી બાયડી છે ને આ છોકરાની વહુ છે. પ્રભુ પ્રભુ ! તું જો તો ખરો એક વાર. આહા..હા..! શરીરમાં હું નીરોગી છું ને આ રોગી છું એવું સ્વ-પરપ્રકાશક એવો ભગવાન એનું ભાન થયે તે વસ્તુ પર તરીકે, પરજ્ઞેય તરીકે જાણવામાં રહે. પણ હું રોગી ને નીરોગી, આ મારો દીકરો ને તારો, આ બાયડી મારી ને તારી, એવું એમાં રહેતું નથી. જો એવા ભેદ પાડે તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! કેમ કે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. સ્વને માનવું ને પરને માનવું એટલે કે જાણવું. પણ પરમાં આ મારા ને તારા એવું જ્ઞાનના સ્વભાવમાં નથી અને સામી ચીજમાં પણ એ મારા-તારાનો ભેદ નથી, એ તો જ્ઞેય તરીકે છે. આહા..હા..! આહા..હા..! શું એની શૈલી, આહા..હા..!

મુમુક્ષુ : 'શ્રીમદ્' તો પ્રતિકૂળતાને પરમ મિત્ર કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો કઈ અપેક્ષાએ ? એ તો જ્ઞેય તરીકે છે, મારે જોઈતું નથી ને એ લઈ જાય, એ અપેક્ષાએ. મિત્ર એટલે વહાલો છે એમ નથી ત્યાં. આ તો જે શરીર છે એ પરજ્ઞેય તરીકે છે અને મારું, મારું છે એ છે નહિ. તો એ જીવ આવીને લઈ જાય તો એમાં મને તો મિત્ર મારો, મારી શ્રદ્ધામાં છે તેવું એણે કામ કર્યું. આહા..હા..!

પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો;
એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,

આહા..હા..! વાઘ આવ્યો ને આમ પકડવા માટે ... એમ નથી. જ્ઞાનસ્વરૂપ તો જાણે છે. આહા..હા..! ભાઈ ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું જેને પ્રાપ્ત ભાન થયું એ જ્ઞાન તો જાણે છે. આહા..હા..! એ બે ભાગ પાડતો નથી કે, સિંહ મને પ્રતિકૂળ છે અને સગા-વહાલા મારી સેવા-ચાકરી કરે માટે અનુકૂળ છે. આહા..હા..! સ્ત્રી છે એ નાગા-ભૂખ્યાને ઢાંકે માટે મારી વહાલી સ્ત્રી છે અને દુશ્મન આવીને માથું કાપે માટે પ્રતિકૂળ (છે), એવું જ્ઞાનમાં નથી. આહા..હા..! અને તેથી જ્ઞેયમાં એવા ભેદ નથી. આહા..હા..!

**'જાણે પામ્યા મિત્રનો'** એટલે અમે તો જાણીએ છીએ કે અમે જ્ઞેય સ્વરૂપ જે પર છે તેને જાણનાર છીએ. તે અમારું જ્ઞેય જાણ્યું તેથી જાણનાર છીએ. અમારો ભગવાન આત્મા જ્ઞાન એ સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી અમે એને જાણ્યો. એથી અમે પરપ્રકાશક જ્ઞેયને જાણનારા છીએ. પણ આ જ્ઞેય ઠીક છે ને અઠીક છે એવું છે નહિ. આહા..હા..! પરમ મિત્રનો અર્થ ઈ કે અમારું શરીર છે નહિ અને પર છે તો પર તરીકે ચાલ્યું જશે અને ચાલ્યું જતા કોઈ લેનાર આવે લેનાર તો એ તો મારે ચાલ્યું જશે તો એ લઈ જાય છે, એ તો અનુકૂળ છે. આહા..હા..! આવો માર્ગ. આહા..હા..! રાગમાં ગળકા ખાઈને ગરી ગયા (હોય) એને આકરું પડે. આહા..હા..! આહા..હા..! માન ને અપમાનમાં ઘૂંટાઈ ગયા છે એને

આ વાત આકરી પડે. આહા..હા..!

કેમ કે પ્રભુ તું તો જ્ઞાન સ્વરૂપ પ્રભુ ચૈતન્ય ધાતુ છો ને ! એ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય ધાતુ ધ્રુવ અસ્તિત્વ નક્કર ભૂમિનું જ્ઞાન જ્યાં થયું... આહા..! પર્યાયનું જ્ઞાન થયું એમ ન કહ્યું અહીં. રાગનું જ્ઞાન એ નહિ, પહેલું આ થયું. આહા..હા..! એ સ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્ય સ્વરૂપની નક્કર ભૂમિ, ધ્રુવ ભુમિ. આહા..હા..! જેમાં પર્યાયનો પ્રવેશ નહિ તો રાગનો ને પરનો પ્રવેશ ક્યાં આવ્યો ? એવી જે નક્કર ધ્રુવ ભૂમિ પ્રભુ ! એનું જેને ઓળખાણ (થઈને) પ્રાપ્ત થયું... આહા..હા..! એને પરજ્ઞેયમાં આ નિંદા ને પ્રશંસા એવા ભેદ રહેતા નથી. આહા..હા..!

'કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી ગુરુ ગમકી' ભગવાનને એમ કહે પ્રભુ આપની કરુણા એટલે ? આપના જ્ઞાનમાં મારું જ્ઞાન છે એનું ભાન થયું તમને, તમારા જ્ઞાનમાં આવ્યું કે આ તો જ્ઞાની છે, એ આપની કરુણા છે. આહા..હા..! એ કરુણા છે. આહા..હા..! પ્રભુ ! તારા જ્ઞાનમાં હું અત્યારે સમકિતી જ્ઞાની છું, જ્ઞાન છે એવું તારા જ્ઞાનમાં આવ્યું એ આપની કરુણા છે. આહા..હા..! એ..ઈ..! આવી વાતું છે. આહા..હા..!

વીતરાગી અમૃતનો પિંડ પ્રભુ ! આહા..હા..! વીતરાગી અમૃતનો સાગર નાથ ! આહા..હા..! એવી ધ્રુવ ધાતુ જેણે પકડી અંદરથી, આહા..હા..! એને બધું અનુકૂળ-પ્રતિકૂળ જ્ઞેય તરીકે જાણવામાં રહે છે. એવો સમતા ભાવ તો સમ્યગ્દર્શન થતા સાથે આટલો તો આવે છે, એમ કહે છે. આહા..હા..! અસ્થિરતાને લઈને જે થાય એ શ્રદ્ધાને લઈને નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! અસ્થિરતાને લઈને જરી વિકલ્પ આવે એ શ્રદ્ધાને લઈને નહિ. શ્રદ્ધામાં તો અનુકૂળ ને પ્રતિકૂળ બધું એકરૂપે જ્ઞેય છે, સમભાવે જાણે છે. આહા..હા..! એને દુનિયાને જોવી નથી, એને દુનિયા શું કહે છે તે જાણવું નથી. આહા..હા..! એ અહીં કહે છે. આહા..હા..!

**'બહારની ક્રિયાઓ માર્ગ દેખાડતી નથી, (અંતરનો) જ્ઞાન માર્ગ દેખાડે છે.'** આહા..હા..! માર્ગ દેખાડે છે, હોં ! **'જ્ઞાન માર્ગ દેખાડે છે.'** આહા..હા..! સમ્યગ્જ્ઞાન જે થયું તે માર્ગ દેખાડે છે. આહા..હા..! **'મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણથી થાય છે,...'** એ સમ્યગ્જ્ઞાન જે સાચા તત્ત્વનું થયું એનું જે જ્ઞાન (થયું), એનાથી મોક્ષની શરૂઆત થાય છે, કોઈ ક્રિયાકાંડ કરવાથી મોક્ષની શરૂઆત થાય છે (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ ? **'મોક્ષના માર્ગની શરૂઆત સાચી સમજણ...'** સત્ય સમજણ. ત્રિકાળ ધ્રુવને પકડતા જે જ્ઞાન થયું તે સાચી સમજણ છે. આહા..હા..!

**'ક્રિયાથી નહિ.'** ગમે તેટલા વિકલ્પો કર તું. આહા..હા..! એનાથી, આહા..! મોક્ષમાર્ગની શરૂઆત નથી. 'સાધ્ય-સાધક'માં આવે છે. 'અનુભવ પ્રકાશ'માં 'સાધ્ય-સાધક' આવે છે અને 'આત્માવલોકન'માં 'સાધ્ય-સાધક' (આવે છે). શુભભાવ પરંપરા. પરંપરા. એ તો પરંપરાનો અર્થ શુદ્ધની દૃષ્ટિ થઈ છે, શુદ્ધ પરિણતિ થઈ છે એને લીધે શુભભાવ આવ્યો છે એ પછી જશે એથી પરંપરા એમાં 'સાધ્ય-સાધક'માં કહ્યું છે. હવે ન્યાં પકડે એ. અરે..! ભાઈ ! એ બધી વાતું છે. આહા..હા..!

એ તો 'સમયસાર'માં આવે છે, પરંપરા કારણ આવે છે. એનો અર્થ શું ? એ શુભરાગ થતાં શુદ્ધતાનું ભાન ને વેદન છે તેથી એમાં અશુભ ટળ્યો છે. આને (જ્ઞાનીને), હોં ! અજ્ઞાનીને શુભમાં અશુભ ટળ્યો નથી. સમજાણું કાંઈ ? કેમ કે જે શુદ્ધ સ્વભાવનો આશ્રય લીધો છે એમાં અશુભમાં આશ્રય થોડો છે, શુભમાં જરી

આમ આશ્રય વધ્યો છે અહીં શુભ થયો એ, શુભને લઈને નહિ. આહા..હા..! અને શુદ્ધમાં આશ્રય વિશેષ વધ્યો છે. પર્યાય શુદ્ધમાં હોં ! એમ. આહા..હા..!

ચૈતન્ય સ્વભાવ જે ભગવાન આત્મા એનો જે આશ્રય લીધો છે તેથી એને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. હવે એને અશુભભાવ હોય છે ત્યારે જે શુભભાવ વખતે જરીક આશ્રય વધારે છે એ શુભભાવને લઈને નહિ. જરી જરી વિશેષ છે, અશુભમાં થોડો આશ્રય છે. આહા..હા..! આશ્રય તો કાયમ છે સમ્યગ્દૃષ્ટિને ધ્રુવનું ધ્યેય તો કાયમ છે. એ તો ત્રણ બોલ આવી ગયા ને ? ત્રણ બોલ આવી ગયા એ, ત્રણ પટી છે સાધક જીવને. આહા..હા..!

ધ્રુવનું ધ્યેયનો આશ્રય તો કાયમ છે પણ આશ્રયમાં વધી જવું, વધવું એની પર્યાયમાં એ ફેર છે. આહા..હા..! સમ્યગ્દર્શનમાં જે આશ્રય લીધો એથી જ્યારે પંચમ ગુણસ્થાનની સ્થિરતા અંશે વધી ત્યારે આશ્રય વિશેષ છે. આહા..હા..! એવા આશ્રયને લઈને અશુભ વખતે આશ્રય, આશ્રય તો છે પણ શુભ વખતે જે આશ્રયનો અંશ વધે છે એ અશુભ વખતે નથી. તેથી શુભભાવ આશ્રયનું કારણ છે એમ નથી. આહા..હા..! અને શુદ્ધ ભાવ જ્યારે ઉપયોગ શુદ્ધ થાય છે ત્યારે પ્રભુનો આશ્રય વિશેષ છે. વિશેષ છે માટે શુદ્ધ ઉપયોગ થાય છે એનો અર્થ કે વિશેષ આશ્રય છે માટે શુદ્ધ ઉપયોગ થાય છે. શુદ્ધ ઉપયોગને આશ્રયે શુદ્ધ ઉપયોગ થાય છે એમ નથી. આહા..હા..! તેથી શુભ ઉપયોગમાં જરી આશ્રય હોય... આવ્યું છે ને ? ભાઈ ! 'મોક્ષ અધિકાર'માં ? શુભમાં ધીમે-ધીમે, છને-છને એ આ આપેક્ષા છે. છે ખ્યાલ છે. 'મોક્ષ અધિકાર'માં આવે છે. શુભભાવ વખતે ક્ષણે ક્ષણે આશ્રય વધતો જાય છે. આહા..હા..! એ તે શુભથી નહિ પણ રાગની મંદતા વખતે જ્યાં પહેલો આશ્રય જે હતો એથી થોડો વધે છે. આહા..હા..! અને એનાથી શુદ્ધ ઉપયોગ થતાં વિશેષ આશ્રય વધે છે, એટલે કે આશ્રય વિશેષ વધે છે એટલે શુદ્ધ ઉપયોગ થાય છે. આહા..હા..!

એમાં પરજ્ઞેયમાં એ ભેદ પાડતો નથી. આહા..હા..! ચાહે તો સાતમી નરકની વેદના હો ને ચાહે તો ચક્રવર્તીના સોળ હજાર દેવ સેવા શરીરની (કરતા હોય). અને જેનો ખોરાક એક કોળિયો અબજો રૂપિયાનો જેને છન્નું કરોડ પાયદળ ન પચાવી શકે, એવો હો. આહા..હા..! છતાં ત્યાં જ્ઞેય તરીકે છે. આ ઠીક છે ને આ અઠીક છે એવું નથી. આહા..હા..! કેમ કે પ્રભુ પોતે વીતરાગ સમતા સ્વરૂપનો પિંડ છે. આહા..હા..! એનો આશ્રય લીધો છે તે સમતા, સમતાના રસ,... આહા..હા..! શાંત રસ વધતો જાય છે. આહા..હા..! એ 'ક્રિયાથી નહિ.' આહા..હા..! **'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ...'** પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ, પરોક્ષ નહિ, એમ કહે છે. સીધો. એ તો 'શ્રીમદ્'માંય આવે છે.

પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧.

આહા..હા..! કેટલી વાર તો વાતું બહુ સરસ કરી છે. પણ જરી ઓલા શ્વેતાંબર-દિગંબરને બે ભિન્ન પાડ્યા નથી ને... આત્મસિદ્ધિમાં પણ કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કરે એ વાત બહુ ખટકી, એ વાત છે નહિ, એ શ્વેતાંબરની જળક ગરી ગઈ છે. કેવળજ્ઞાની વિનય કોનો કરે ? 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન, એવો માર્ગ વિનય તણો...' અતિરેક થઈ ગયો. એ શ્વેતાંબરની ઝળક છે. 'દશવૈકાલિક'નું નવમું અધ્યયન છે એમાંય આ છે. 'અનંત ....' એ રહી ગઈ હતી જરી. આહા..હા..!

મુમુક્ષુ : વંદ્ય-વંદક ભાવ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી જ હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી : છઠ્ઠા સુધી જ હોય, પછી કેવું ?

અને કેવળીને ક્યાં એ વિકલ્પ છે ? અને એનાથી અધિક છે કોણ ? આહા..હા..! અને તીર્થંકર તો દીક્ષા વખતે પણ ણમો અરિહંતાણં નથી કહેતાં. આહા..હા..! ણમો સિદ્ધાણં. આહા..હા..! નહિતર ણમો અરિહંતાણં પહેલા કેમ આવ્યું ? કે જેની વાણી છે એનો અહીં ઉપકાર થાય છે. અહીં તો કાઢી નાખી. તીર્થંકર છે એ જ્યાં દીક્ષા (લે)... આહા..હા..! બીજા દીક્ષા લે તો પંચ નૌકાર ગણે ... આહા..હા..! આ તો સીધું ધ્યેય. એકલું સર્વ ણમો સિદ્ધાણં, બસ. ગજબ વાત છે.

મુમુક્ષુ : એને પણ પહેલાં તો અરિહંતપદ જ પ્રાપ્ત થશે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : થાય ભલે પણ વંદન કરે પ્રભુ સિદ્ધને પૂર્ણ. અરિહંતને ચાર ગયા છે ને ચાર (કર્મો) રહ્યા છે. મારો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ છે એ પૂર્ણ જેની પર્યાય પ્રગટ થઈ તેને નમસ્કાર કરીને હું ચારિત્ર અંગીકાર કરું છું. આહા..હા..! દરેક વાક્યમાં મર્મ છે. સંતોની વાણી કાંઈ સાધારણ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! અને તીર્થંકરનો જીવ છે. આહા..હા..!

**'માટે પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન...'** પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન. આમ જાણપણું (થયું) ને આ ને આ, એમ નહિ. આહા..હા..! પ્રયોજનભૂત જ્ઞાન જે આત્માને સ્પર્શે એમ જે બતાવે એ પ્રયોજનભૂત જ્ઞાન છે. આહા..હા..! **'પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન માર્ગપ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે.'** પ્રબળ નિમિત્ત (છે). બીજા નિમિત્ત છે એ કરતાં પ્રબળ નિમિત્ત છે એમ કહે છે. આહા..હા..! નિમિત્ત તો ભગવાનની મૂર્તિ કહેવાય, વેદના નિમિત્ત કહેવાય, આકરી વેદના થાય ઈ. આહા..હા..! મોટા દેવની ઋદ્ધિ વૈમાનિકની મોટી દેખે એ પણ નિમિત્ત કહેવાય. શાસ્ત્રમાં આવે છે ને. પણ એ ક્યારે ? પોતે કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..!

અહીંયા એ કહે છે. પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન. ભાષા તો જુઓ ! આહા..હા..! પરમાગમનું જ્ઞાન એમ નહિ. આહા..હા..! અને ગુરુનો પરોક્ષ ઉપદેશ પણ નહિ, 'પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;' પરોક્ષ વીતરાગ પણ (હોય), એનો ઉપકાર એવો નહિ, પ્રત્યક્ષ જેવો. આહા..હા..! **'પ્રત્યક્ષ ગુરુનો ઉપદેશ અને પરમાગમનું પ્રયોજનભૂત જ્ઞાન...'** આહા..હા..! **'માર્ગપ્રાપ્તિના પ્રબળ નિમિત્ત છે.'** નિમિત્ત છે, હોં ! ઉપાદાન નહિ. આહા..હા..!

**'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...'** આહા..હા..! સ્પર્શીને વાણી નીકળે ? પણ એનો અર્થ કે વાણીમાં નિમિત્ત છે. આહા..હા..! 'શ્રીમદ્' એમ કહ્યું છે આત્મસ્પર્શી વાણી. પત્રમાં આવે છે. આહા..હા..! એટલે કે જ્યાં આનંદનું વેદન છે તેના સંબંધમાં જે વાણી નીકળે એ આત્મસ્પર્શી વાણી કહેવાય. આહા..હા..! વાણી નથી અડતી આત્માના જ્ઞાનને, જ્ઞાન નથી અડતું વાણીને. આત્મસ્પર્શ નથી કહ્યું ? ૩જી ગાથામાં. આહા..હા..! દરેક દ્રવ્ય પોતાના ગુણધર્મ, પર્યાય ધર્મને ચુંબે પણ પરદ્રવ્યને ચુંબે નહિ. અને અહીં કહે સ્પર્શી. કઈ અપેક્ષા છે ? આહા..હા..! 'શ્રીમદ્' પત્રમાં લખ્યું. આહા..હા..! અપેક્ષાથી બરાબર છે. એટલે કે અજ્ઞાનમાંથી વાણી અજ્ઞાનીની આવે એ નહિ પણ આ તો જ્ઞાનમાંથી આવે છે એટલે જ્ઞાન નિમિત્ત છે એને, એમ કહેવું છે. આહા..હા..!

એ તો કેવળજ્ઞાન છે એ લોકાલોકને નિમિત્ત છે. નિમિત્ત છે એટલે ? એક છે એટલી ચીજ. કેવળજ્ઞાન છે માટે લોકાલોક છે ? અને લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. આવે છે ને ? છેલ્લું પાછળ. 'સમયસાર'. અમૃત ભર્યા છે, બાપા ! 'સમયસાર'માં. સત્યના રેલમછેલા કર્યા છે. આહા..હા..!

ચૈતન્યને એટલે કે જે વાણીમાં ચૈતન્યની નિર્મળતાનું નિમિત્ત છે. કેવળજ્ઞાન પણ નિમિત્ત છે લોકાલોકને, એથી શું ? કેવળજ્ઞાન નિમિત્ત છે માટે લોકાલોક છે ? **'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.'** આહા..હા..!

મુમુક્ષુ : પુદ્‌ગલ ઊતરી જાય આત્મામાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઊતરી જાય એટલે એને બેસી જાય. પણ મુમુક્ષુને. આ જવાબદારી. જિજ્ઞાસા યથાર્થ છે જેને. મુમુક્ષુ મોક્ષનો અભિલાષી. આહા..હા..! એક હજાર ને આઠ નામમાં... કેવા ? 'જિનસેનાચાર્ય' એણે કહ્યું, હે પ્રભુ ! આપ તો મુમુક્ષુ છો, એમ કહ્યું. આહા..હા..! એક હજાર ને આઠ નામ, 'આદિ પુરાણ'. હમણાં એક પુસ્તક આપી ગયા કો'ક 'જેતપુર'વાળા. એણે છાપ્યું ને ? પહેલું આવી ગયું હતું, વંચાઈ ગયું. 'જેતપુર'થી છપાણું. એક હજાર ને આઠ નામ 'આદિ પુરાણ'ના અને એક હજાર ને આઠ નામ ભાઈના 'આશાધર'ના. ઈ 'જેતપુર'વાળાએ છપાવ્યું છે. આ મુમુક્ષુ મંડળ તરફથી. હમણાં આવ્યા હતા એક જણા એ બીજું આપી ગયા.


**'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...'** આહા..હા..! સદ્‌ગુરુ ઉપદેશથી આવ્યું ને ? 'છે દેહાદિથી ભિન્ન આત્મા રે,' એમ આવ્યું ને ? પણ સમજે એ ગુરુના ઉપદેશથી સમજે એમ આવ્યું છે, નિમિત્તથી કથન છે. આહા..હા..! અને ઓલામાં એમ કહ્યું 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;' વીતરાગ છે એ ભલે પરોક્ષ થઈ ગયા. આહા..હા..! પણ પ્રત્યક્ષ જે છે, આહા..હા..! એવો ઉપકાર પરોક્ષનો ન હોય.

**'મુમુક્ષુને હૃદયમાં ઊતરી જાય છે.'** આહા..હા..! એ 'વડિયા'ના છે. 'મહુવા'ની બેંકમાં મેનેજર છે. આવ્યા હતા, ઓહો..હો..! પુસ્તક બહુ સરસ, બહુ સરસ. જે વાંચે છે એને (એમ થઈ જાય છે). અન્યમતિ મધ્યસ્થી હોય એ જરી વાંચે તો ઘા ખાઈ જાય છે. એવી શૈલીથી સહેજ આવી ગયું છે, એ તે કાંઈ પોતે લખ્યું નથી, લખ્યું તો કો'કે. આહા..હા..!

**'આત્મસ્પર્શી વાણી...'** જુઓ ! ફરીને આવ્યું, **'ચૈતન્યને સ્પર્શીને નીકળતી વાણી...'** અહીં **'આત્મસ્પર્શી વાણી આવતી હોય...'** આહા..હા..! **'અને એકદમ રુચિપૂર્વક જીવ...'** આહા..હા..! પણ આ શરતું. એકદમ રુચિપૂર્વક એ શરત. આહા..હા..! **'રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'** કહો, આ ભાઈએ પ્રશ્ન કર્યો ને રાતે. ક્યાં ગયા ? ભાઈ. આ પ્રશ્ન આવ્યો આ સમ્યક્ સન્મુખનો રાતે પ્રશ્ન હતો ને ?

મુમુક્ષુ : કેટલા કલાક ધ્યાન કરવું ?

ઉત્તર : અહીં તો કહે એકદમ. આહા..હા..! પણ શરત તો એ કે એને પોતે અંદર રુચિ જવી. આહા..હા..! અને ઓલામાં આવ્યું ને ? 'પદ્મનંદિ પંચવિંશતિઃ'. જે અધ્યાત્મની ધારા ઉપદેશ. આહા..હા..! રુચિ પૂર્વક સાંભળે છે. .... આહા..હા..! ત્યાંય આ શરત છે, ઈ શરત અહીં મુકી છે. આહા..હા..! .... આહા..હા..! પ્રેમથી જેને રુચિ અંદરથી (જાગી છે)... આહા..! શું ચીજ આ ? એમ પ્રેમ રુચિપૂર્વક જેણે સાંભળી છે. આહા..હા..! ભાવિ નિર્વાણ ભાજન, એને અંતરમાં પોષાય ગયો છે ભાવ, પોહાય ગયો છે અંદર. આહા..હા..! એ અલ્પ કાળમાં સિદ્ધનું ભાજન થશે એટલે કે સિદ્ધપદ પ્રાપ્ત થશે. ભાવિ નિર્વાણ ભાજનનો અર્થ ઈ. આહા..હા..! આકરી વાત, ભાઈ ! એ વાતું... આહા..હા..! અંદરથી બેસવી વાતું... ભાઈ ! **'એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે...'** એમ ભાષા છે ને અહીં તો ? વિશેષણ છે. **'તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'** સમ્યક્‌ની નજીક થાય. આહા..હા..! ૩૮૬ (બોલ પૂરો



## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૪૮ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૨૨-૫-૧૯૮૩, પ્રવચન નં.૧૦૭ (વિષય : વિધિ)

**ભાઈ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય. અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે. ૨૪૮.**

૨૪૮. '**ભાઈ ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ?**' સંયોગોનો ત્યાગ થયો એટલે આ સધનતામાંથી નિર્ધનતા આવી અથવા કોઈપણ પરિવારના સભ્યોની ગેરહાજરી થઈ, અનુપસ્થિતિ થઈ અથવા આ શરીરનું વજન ઘટી ગયું. લ્યો, આ સંયોગ છે ને ? પુષ્ટ લઠ જેવું શરીર હોય (એ) એવું આવું દુબળું ઘસાતું ઘસાતું દુબળું થઈ જાય, હાડકા-ચામડા રહી જાય અથવા અવસ્થાને કારણે શિથિલ થઈ જાય. કરચલી પડે છે ને બધી ? સોનું ખાય તોપણ કરચલી પડે, હોં ! તો કહે છે કે, એમાં તારી અવસ્થામાં શું ફેર પડ્યો ?

તારી જે અવસ્થા જ્ઞાનમાત્ર-માત્ર જાણવું-જાણવારૂપ એવી જે તારી અવસ્થા, એમાં શું ફેર પડ્યો છે ? સંયોગનો અભાવ થયો, સંયોગનો ત્યાગ થયો તો તારા જ્ઞાનની અવસ્થામાંથી શું ઓછું થયું ? સોનીને ત્યાં સોનું પાંચ તોલા (ખરીદ્યું અને એ ચોરાઈ ગયું). અહીંયાં કહે છે કે તારા જાણવારૂપ જે જ્ઞાનની પર્યાય એમાં કેટલા ટકા ઘટ્યા ? સંયોગ ઘટ્યો એમાં તારી અવસ્થામાંથી શું ઘટ્યું ? કે તારી અવસ્થામાં કાંઈ ફેર પડતો નથી. એ તો અવસ્થા છે કે જે સંયોગ અને વિયોગને જાણવામાં નિમિત્ત છે એવી જ્ઞાનની અવસ્થા છે. જેને જાણવાનો સંબંધ છે એવા જ્ઞાનમાંથી પણ કાંઈ ઘટતું નથી તો જેને સંબંધ નથી એવો જે પરમપારિણામિકભાવ, એને તો કોઈની સાથે કાંઈ સંબંધ નથી.

આ તો નોકર્મ છે. જેમાં સંયોગનો વિયોગ થાય છે એ તો નોકર્મ છે. પણ પારિણામિકભાવને તો કર્મના ઉદય સાથેય (પણ) સંબંધ નથી અને ચારે પ્રકારના ઉપશમ, ક્ષયોપશમ અને ઔદયિકભાવ સાથે પણ એને સંબંધ નથી. ચારેયથી જુદો છે. એવું જે તારું મૂળ સ્વરૂપ છે- પરપારિણામિકભાવ કે જે તારું મૂળ સ્વરૂપ છે, જે સિદ્ધપદરૂપ છે, સદાય સિદ્ધપદરૂપ છે, એમાં શું ફેર પડ્યો ? પરિપૂર્ણ સ્વરૂપમાં કાંઈ અપૂર્ણતા થતી નથી. કોઈપણ પ્રકારના સંયોગનો વિયોગ થતાં આ પૂર્ણ સિદ્ધપદમાં કાંઈ પણ ઊણપ થતી નથી, કાંઈ પણ અપૂર્ણતા થતી નથી. આમ છે.

કહે છે કે, તારા જ્ઞાનની અવસ્થામાં ફેર પડતો નથી તો અંદરમાં જે પૂર્ણ સ્વરૂપ ત્રિકાળ સામાન્યરૂપ રહે છે એ તો ઘણું એનાથી દૂર છે. 'નિયમસાર'માં ૩૮મી ગાથા પછીનો જે કળશ છે એમાં એ વાત લીધી છે કે આ સર્વ તત્ત્વોમાં સાર છે એવો આ પરમપારિણામિકભાવ, કારણપરમાત્મા, એ નાશ પામવા યોગ્ય એવા સર્વ ભાવોથી દૂર છે એમ લીધું છે. દૂર છે. આવે છે ? દૂર એમ આવે છે. નાશ પામવા યોગ્ય એટલે બધા ચારેય પ્રકરના ભાવ લઈ લેવા.

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** **'जयति समयसारः'** કારણપરમાત્માને અહીંયાં સમયસાર કહ્યો છે. **'जयति समयसारः सर्वतत्त्वैकसारः'** **'સર્વ તત્ત્વોમાં જે એક**

**સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** '**सकलविलयदूरः**' વિલય થાય છે એવા સકળ ભાવો. ઉત્પાદ-વ્યયરૂપ ચારેય પ્રકારના વિલય પામવાયોગ્ય ભાવો, તેનાથી તે દૂર છે. જો એના પર્યાયોથી એ દૂર છે તો સંયોગ અને વિયોગથી તો તે અત્યંત દૂર છે.

એમ અહીંયાં પ્રશ્ન પૂછે છે. જોરથી વાત કરવી છે ને એટલે પ્રશ્નચિહ્નથી વાત લે છે. '**ભાઈ ! સંયોગનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ?**' તું હરખ-શોક તો પર્યાયમાં વેદે છો ને ? અરે..રે..! મારું ચાલ્યું ગયું. પણ ભાઈ ! તારામાંથી કાંઈ ચાલ્યું ગયું નથી. તારો એક પ્રદેશ ઓછો તો થયો નથી, પણ તારો એક પ્રદેશ ખાંગો-ખોડો થયો નથી. કોઈ ખોડખાંપણ એક પ્રદેશમાં આવી નથી. તારો એક ગુણ ઓછો થયો નથી પણ તારા એક ગુણમાં ખોડખાંપણ ઊભી થઈ નથી. સ્વરૂપમાં કાંઈ ફેર પડતો નથી. પર્યાયમાં ફેર પડતો નથી પછી સ્વરૂપમાં ફેર પડવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. પણ સંયોગને વળગે છે ને ? એટલે દુઃખીના દાળીયા થઈ જાય છે. જો અંદર સ્વરૂપને વળગે તો અંદરમાં આનંદ રસાયણ પ્રગટે છે. રસાયણ પદ્ધતિથી એ ફેરફાર થાય છે. એકદમ ફેરફાર થાય છે એ રસાયણિક પદ્ધતિ લીધી છે. અનુભવ રસાયણ એને કહ્યું છે.

'**સંયોગનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ?**' આમાં એક બીજો પણ જરા Undertone છે. ધ્વનિ બહુ સારો છે. જો તારે અંતરમાં અભ્યાસ કરવો હોય તો અવલોકનના અભ્યાસની આ પદ્ધતિ છે કે તું અંદરમાં જોતો જા. ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે સર્વ ઉદયના કાળમાં તું અંદર અવલોકન કરતો જા કે આ દુઃખ થયું, વિયોગનું દુઃખ થયું (તો) આ મારી પર્યાયમાંથી શું ગયું ? મારામાંથી શું ગયું ? આ હરખ થયો (તો) મારામાં શું આવ્યું ? કોઈ ફેર પડતો નથી. બહારના ફેરફારોને આવવાને કે જવાને આત્મામાં કોઈ ફેરફાર થતો નથી.

'**તારી પર્યાયમાં શું ફેર પડ્યો ?**' કે કાંઈ ફેર પડતો નથી. તપાસ ! એમ કહે છે. એ અવલોકનથી તપાસવાનો એની અંદર ધ્વનિ છે. અને પ્રતીતિ એ વગર આવશે નહિ. વારંવાર અવલોકન કરીને એ તપાસસે ત્યારે એને ખાત્રી થશે કે આ દુઃખ થાય છે કે હરખ થાય છે (તે) ખોટું થાય છે. અંદરમાં મારામાં ફેર કાંઈ પડતો નથી. આ કલ્પનામાત્રથી મારાપણું સેવીને માત્ર દુઃખ-સુખ વેદવામાં આવે છે પણ અંદરમાં સુખના કાળે કાંઈ આવતું નથી અને દુઃખના કાળે કાંઈ જતું નથી. એમ પ્રત્યેક ઉદયના કાળમાં પોતાને જોવે અને તપાસે તો પોતાની ભિન્નતા ભાસે અને પ્રતીતિ થવાનો અવસર આવે. ભિન્નતા ભાસે તો પ્રતીતિ થવાનો અવસર આવે. એ એક અપૂર્વ કાર્ય છે કે આ પ્રકારની અંતર અવલોકનની પદ્ધતિથી, વારંવારની Practice થી, વિચારથી નહિ, વારંવારની અવલોકનની Practice થી ભિન્નતાનો અભ્યાસ, ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ.

આપણે ત્યાં ભેદજ્ઞાન કરવાની અનેકવાર ચર્ચા ચાલે છે. એમાં આ એક ખાસ પદ્ધતિનો વિષય છે. નહિ તો એ પ્રશ્ન થાય એવું છે કે ભેદજ્ઞાન કરવાયોગ્ય છે, સર્વ સાધકો ભેદજ્ઞાન કરે છે, ભેદજ્ઞાનથી અનુભવ થાય છે, ભેદજ્ઞાનથી જ મોક્ષમાર્ગમાં વિકાસ થાય છે અને પૂર્ણતા થાય છે, પણ ભેદજ્ઞાન શરૂ કરવું કેવી રીતે ? આ પ્રશ્ન ઊભો થાય છે. અમારે ભેદજ્ઞાન કરવું છે પણ થતું નથી.

એને એમ કહે છે કે, જો, તારા ઉદયના પ્રસંગે તું જો (કે) તારામાં શું આવ્યું ? આ ઉનાળો છે. તરસ લાગે ત્યારે ઠંડુ પાણી પીવાની માણસ ઇચ્છા કરે છે. ન મળે તો ભલે પછી જે મળે તે પી લે. કેમકે આખરમાં તો શરીરમાં પાણીનું પ્રમાણ ઘટે છે ત્યારે શોષ પડે છે. આ શરીરનો પુદ્‌ગલપિંડ છે એમાં કેટલોક પ્રવાહી ભાગ છે, કેટલોક વાયુનો ભાગ છે, કેટલાક ઘનનો ભાગ છે. ઘન-પ્રવાહી-વાયુ એમ ત્રણ પ્રકારે જડ પુદ્‌ગલ પરમાણુઓની Physical position છે. એને Physical position કહે છે. એમાં જ્યારે પાણીનું પ્રમાણ ઘટે છે ત્યારે પાણી બહાર જાય છે પસીના વાટે, પેશાબ વગેરે વાટે પાણી ઓછું થાય છે ત્યારે શોષ પડે છે. એટલે નવું પાણી

પીવાની ઈચ્છા થાય છે. ઉનાળામાં વિશેષ એ બને છે. કેમકે પસીનો વગેરે વધારે થાય. તો એ ઠંડું પાણી ઘટક... ઘટક... ઘટક... પીધું. તરસ લાગી હોય અને ઘટક-ઘટક ઠંડુ પાણી પીવે છે. હાશ, તરસ મટી. કહે છે કે, તેં એ હાશ કર્યું પણ તારી પર્યાયમાં શું આવ્યું એ તો જો. એક પાણી પીવાની સાધારણ ક્રિયામાં પણ પાણીના પુદ્ગલો સાથે તેં આટલુ બધું એકત્વ કરી લીધું ! વાત તો સાધારણ છે. રોજિંદો પ્રસંગ છે. પાણી પીવાનો તો રોજનો ઉદય પ્રસંગ છે. ખાવું-પીવું વગેરે અમુક તો શરીરની રોજની ક્રિયા છે ને. એમાં પણ એકમેક થઈને (પરિણમે છે). એમાં પણ ટેવાઈ ગયો હોય. સાધનો ઘરમાં ગોઠવ્યા હોય પણ આ Electric બંધ થાય અને કાંઈ બીજું-ત્રીજું થાય અને કાંઈક થાય ત્યારે આકુળતા... આકુળતા... આકુળતા કરી બેસે. આ રાજ્યમાં આમ થાય છે ને આ દેશમાં આમ થાય છે ને આ ગામમાં આમ થાય છે, આ ઘરમાં આમ થાય છે અને આ તમે બધા વ્યવસ્થા રાખી શકતા નથી. નથી રાજવાળા રાજની વ્યવસ્થા રાખતા અને ગામવાળા ગામની રાખતા અને ઘરવાળા ઘરની નથી રાખતા. એવો બધા ઉપર રોષતોષ થઈ જાય છે. ભાઈને અનુકૂળતા રહેતી નથી. કારણ આટલું થયું કે ભાઈને અનુકૂળતા રહેતી નથી.

પણ બાપુ ! એ બધી એકત્વની ઉદયની પરિસ્થિતિ તારે ક્યાં સુધી લંબાવવી છે ? અનંત કાળથી તો એ પદ્ધતિએ તું જીવતો આવ્યો અને એમાં તને ક્યાંય સુખ-ચેન નથી. અત્યારે નથી, ભૂતકાળમાં નહોતું અને ભવિષ્યમાં રહેશે નહિ. હવે તો પ્રત્યેક ઉદયના પ્રસંગે તું જો તો ખરો ! એમ કહેવું છે.

આ બહુ સરસ ભેદજ્ઞાનની પ્રક્રિયા કેમ કરવી એ પદ્ધતિનો આની અંદર એક Undertone છે. તું જો તો ખરો, તપાસ તો ખરો. તારી પર્યાયમાં શું ફેર પડ્યો ? નાનામાં નાની પાણી પીવાની ક્રિયાથી માંડીને મોટામાં મોટા વિયોગની, શરીરની-દેહની છૂટવાની ક્રિયા (થતી હોય, એ) સર્વ ઉદયના કાળમાં એક જ પદ્ધતિ છે, પદ્ધતિ બીજી નથી. અવલોકન કર. આ પદ્ધતિ છે. અવલોકન કર કે તારામાં શું ફેર પડે છે ? આવે છે શું ? ઠંડુ પાણી પીધું એમાં આવ્યું શું ? કે તું કોરે કોરો નકોર રહ્યો છો. કાંઈ આવ્યું નથી તારામાં. એક રજકણ તારામાં આવ્યું નથી. અને શરીર છૂટવા પર્યંતના કાળથી તારામાંથી કાંઈ જતું નથી. અખંડ અભેદ તારા પરિપૂર્ણ સ્વરૂપથી સદાય તું જીવતો છો.

એવા દેહ છૂટવાના પ્રસંગો સાધકોને બને છે કે આ બાજુ દેહ છૂટે, આયુષ્ય પૂરું થાય અને આ બાજુ શુદ્ધોપયોગમાં લીન હોય. છેલ્લા ઉપયોગમાં, હોં ! વિગ્રહગતિમાં ઉપયોગ નથી. પણ અહીંયાં છેલ્લા સમયોમાં, અસંખ્ય સમયનો ઉપયોગ છે ને ? નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આનંદના તરબોળમાં, આનંદના સાગરમાં આત્મા ડૂબ્યો હોય. હિલોળા લેતો હોય અને આ બાજુ શરીર છૂટું પડવાની તૈયારી થતી હોય. છેલ્લી ક્ષણો ચાલતી હોય. શું એને દુઃખ છે ?

જો શરીરના છૂટવારૂપ મૃત્યુથી દુઃખ હોય તો એ કાળે એને પણ એટલું દુઃખ થવું જોઈતું હતું. તને તો હજી બીજાના મૃત્યુથી દુઃખ થાય છે કે અરે..રે...! મારા ફલાણા... મારા ફલાણા... મારા ફલાણા (ગયા). પણ અહીં તો કહે છે કે તારા શરીરના છૂટવાથી પણ તને દુઃખ નથી. બીજાના શરીરના છૂટવાથી તો દુઃખ નથી પણ તારા શરીરના છૂટવાથી-વિયોગથી પણ તને દુઃખ થાય એમ ખરેખર નથી. પછી બીજા દુઃખના પ્રસંગોથી દુઃખ છે એ વાત તો (ક્યાંય રહેતી નથી). એનું તો સમાધાન કરવાનું શિખડાવવાનું રહેતું નથી. બહુ અમૂલ્ય વચનો છે ! જો જીવ એની રીત અને વિધિ શીખી જાય. ભેદજ્ઞાનની અવલોકન પદ્ધતિમાં આવે તો ન્યાલ થઈ જાય એવી વાત છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન કરવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કરવું છે એટલે તું તપાસ, જો. તારી પર્યાયમાં શું ફેર પડ્યો ? તું તપાસીશ તો તને માલુમ પડશે કે મારી પર્યાયમાં કાંઈ ફેર પડતો નથી. મારી જે જ્ઞાનની પર્યાય, જાણનાર એવો હું અને જાણનાર એવી જે મારી જ્ઞાનની પર્યાય, એમાંથી તો કાંઈ ગયું નથી. એ તો જાણવાનું એટલું ને એટલું ચાલુ છે.

જ્ઞાનમાંથી કાંઈ જતું નથી.

ભાઈને પૂછ્યું. Ambulance માં પહેલુંવહેલું બોલવાનું એણે શરૂ કર્યું તો ખબર પડી કે આને ભાન છે. મેં કીધું, આ તમારામાંથી અત્યારે શું ઓછું થઈ ગયું એવો કોઈ અનુભવ થાય છે ? કે તમારા આત્મામાંથી કાંઈ ઓછું થઈ ગયું હોય ? તો કહે, ના ના. એવું તો કાંઈ લાગતું નથી. હાથ કપાઈ ગયો છે એનો મને ખ્યાલ છે તોપણ મારા આત્મામાંથી કાંઈ ઓછું થયું છે એવું અનુભવગોચર થતું નથી. ઠીક ! ચૈતન્યના પ્રદેશો ખંડિત થઈને ઘટી ગયા, એવું કાંઈ અંદરમાં અનુભવમાં આવતું નથી. તેમ જાણનાર એવું જે જ્ઞાન, એ જ્ઞાનમાં ઓછપ થઈ ગઈ અને જ્ઞાન ઘટી ગયું એવો પણ પર્યાયમાં કોઈ ફેરફાર થયો નથી. એટલું ને એટલું જ્ઞાન છે. કાંઈ ફેરફાર થયો નથી. એમ અંદરમાં પોતે જુદો છે એમ અવલોકન કરવું તે ભેદજ્ઞાનનું કાર્ય છે. એમ કહેવું છે. શું ફેર પડ્યો તારામાં ? કે કાંઈ ફેર પડ્યો નથી.

**'બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય.'** જો આ રીતે એ અંદરમાં ભેદજ્ઞાન કરતો રહે એટલે પોતે જુદો છે એમ તપાસીને જાણતો રહે તો એને સંયોગોનું ઓછા-વધતાપણાનું લક્ષ છૂટી જાય. કે અરે..રે..! મને હીણા સંયોગ છે અને ફલાણાને વધારે સંયોગ છે. અહીં તો સંસારી પ્રાણીને એવું થાય છે કે એક સગા ભાઈને સંયોગ જ્યાં વધે ને ત્યાં એને અંદરમાં એમ થાય કે અરે..રે..! હું પાછળ રહી ગયો અને આ આગળ નીકળી ગયો. આને ઘણું આવે છે અને ઘણું મળે છે અને મારે કાંઈ એટલી આવક નથી. અરે..રે..! હું નાનો અને એ મોટો થઈ ગયો. સંયોગ વધતા એ મોટો થઈ ગયો અને હું નાનો રહી ગયો. એ સંયોગનું લક્ષ છે. એવી લાગણીમાં સંયોગનું લક્ષ છે. એ સંયોગનું લક્ષ, પોતાને તપાસતો રહે તો એ લક્ષ છૂટી જાય. નાસ્તિથી સંયોગનું લક્ષ છૂટી જાય અને અસ્તિથી જ્ઞાનસ્વભાવનું લક્ષ થઈ જાય. આ લક્ષ થવા માટે આ બધી વાત છે. 'લક્ષ થવાને તેહનો...' તેહનો એટલે આત્માનો, નિજ સ્વરૂપનો. લક્ષ થવા નિજ સ્વરૂપનું 'શાસ્ત્ર કહ્યા સુખદાયઈ.' નિજ સ્વરૂપનું લક્ષ થવા માટે આ શાસ્ત્રો જે સુખના દાતાર છે, જેનો બોધ સુખનો દાતાર છે, જે નિત્યબોધક છે એવા શાસ્ત્રો કહેવામાં આવ્યા છે.

શું કહે છે ? કે **'બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય.'** હીણા સંયોગોથી હું હીણો નથી અને ઘણા સંયોગોથી હું મહાન નથી. મારી મહાનતા સર્વ કાળે પૂરેપૂરી છે. ત્રણલોકનો નાથ હું સદાય છું, સંયોગો ગમે તે હો, એની સાથે મારે લેવા દેવા નથી. પણ બીજા માનતા નથી. હું મહાન છું એમ બીજા માનતા નથી. તારે બીજાને મનાવીને મહાન થાવું છે કાંઈ ? બીજા મહાન માને તો તારી મહાનતા છે અને નહિતર તારી મહાનતા નથી, એવી હીણા પ્રકારની મહાનતા પણ તારી નથી. તારી મહાનતા એવી મહાન છે કે બીજા ન સ્વીકારે તોપણ એ મહાન જ રહે છે. એ હીણી થતી નથી. આમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતે તો ન કહે પણ બીજો કહે ત્યાં એને ગલગલીયા થાય. ઠીક ! આ મારા વખાણ થાય છે, મારી પ્રશંસા થાય છે, મારા છાપા છપાય છે અને મારા ફોટા છપાય છે. અને ચારેકોર મારી વાહ વાહ બોલાય છે. આખા સંઘમાં મારી વાહ વાહ બોલાય છે. લ્યો ! આ સંઘવી છે ને ? સંઘવીપદ મળે છે. ભાઈ સંઘવી છે. કહે છે કે ભાઈ ! સંઘપતિ નથી. તું તો ત્રિલોકનાથ ત્રિલોકપતિ છો. (આ સંઘવીનું પદ તો) નાનું પદ છે. નાના પદમાં તને હોંશું થાય છે ? તને હીનપદમાં મહાનતા ભાસે છે ? દારૂ પીને કીચડના કાદવના ગંધાતા ખાબોચિયામાં પડે અને દારૂની ગરમી શરીરમાં વ્યાપી હોય એટલે ઠંડક સારી લાગે, એના જેવી વાત છે. તારું મહાનપદ એવડું મોટું છે કે એને કોઈ બીજો મહાનતા આપે તો એની મહાનતા અને નહિતર નહિ, એની પણ અપેક્ષા એને નથી. કોઈની અપેક્ષા વિના એ મહાન છે.

એમ પોતાના પરિપૂર્ણપદને લક્ષમાં લે ત્યારે એને **'ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય.'** બેય એકસાથે બને છે. આ બાજુ સંયોગનું લક્ષ છૂટે તો આત્માનું લક્ષ તે જ કાળે થાય. જે કાળે આત્માનું લક્ષ

થાય તે જ કાળે એને સંયોગનું લક્ષ છૂટી જાય છે. આમ છે.

મનુષ્યભવમાં બીજા સંયોગો કરતાં પણ માનની વિશેષતા, માનકષાયની વિશેષતા મનુષ્યગતિમાં વિશેષ પ્રકારે જીવોને પ્રવર્તે છે. પૈસા ન હોય તો માણસને ચાલે. પણ જો માન મળતું હોય તો ભૂખ્યો રહેવા પણ તૈયાર છે. પછી એનું ગૌરવ લે કે ભલે એની પાસે કાંઈ બીજા સંયોગો નથી પણ એનું માન તો જુઓ ! એને કેટલું માન મળે છે ! કહે છે કે, એ પણ સંયોગનું લક્ષ છે. બીજાઓ આમ કહે છે એવા સંયોગનું એમાં લક્ષ છે અને એ સંયોગનું લક્ષ છે ત્યાં સુધી આત્માનું લક્ષ નથી. આત્માના લક્ષનો એમાં અભાવ છે એવું સંયોગનું આ લક્ષ છે. એ છૂટી જાય છે. આત્માનું લક્ષ થતાં છૂટે છે. બીજો એનો કોઈ ઉપાય નથી.

સંયોગનું લક્ષ છૂટી જાય **'અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે.'** લ્યો ! આમ ત્યાગ છે. ખરેખર તો **'કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય,...'** જ્ઞાન થાય, હોં ! ખબર પડે. એની અવસ્થામાં છે ને ? એટલે કષાય તીવ્ર થાય, કષાય મંદ થાય. રસ તીવ્ર ન થાય. પાછું જેને સ્વરૂપનું લક્ષ હોય એને આ સંયોગનું લક્ષ છૂટી ગયું હોય, એને સ્વરૂપના રસના કારણે ચૈતન્યરસ પેદા થયો છે, ઉત્પન્ન થયો છે એના કારણે, વિરૂદ્ધ એવો જે કષાયરસ એ તીવ્ર નથી થતો. પણ કદાચિત કષાય તીવ્ર થાય છે, કષાય મંદ થાય છે. એમ તીવ્ર-મંદ, તીવ્ર-મંદ કષાયમાં થયા કરે છે. તો એનું પણ લક્ષ છૂટી જાય. એ ગૌણ થઈ જાય. મંદ થયો એટલે શું એમાં ? તીવ્ર કષાય હતો ને મંદ થયો. હોય. એના ઉપર એનું વજન જતું નથી. કષાય તો મંદ થયો ને ? કષાય તીવ્ર તો ન થયો ને ? આટલું નુકસાન થયું તોપણ દુઃખ તો ઓછું થયું ને ? આ સમજ્યા માટે દુઃખ એટલું ઓછું થયું ને ? એટલો સમજણનો પ્રભાવ તો ખરો ને ? એમ કષાય ઉપર લક્ષ નથી રાખવાનું, એમ કહે છે. એ લક્ષનો વિષય નથી. ખ્યાલ આવે. પણ એના ઉપર વજન જાય કે એનું લક્ષ થાય તો એ પદ્ધતિ પાછી ખોટી છે. એ પદ્ધતિ સાચી નથી.

એટલે એમ કહે છે કે **'કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે...'** લક્ષ છૂટે છે એ સમ્યગ્દર્શન પહેલા લક્ષ ફરે છે, નિર્ણય થાય છે ત્યારે-ભાવભાસન થાય છે ત્યારે. અને જ્યારે આગળ વધીને તારો પર્યાય એટલે જ્ઞાનમાં અખંડ ચૈતન્યનું ગ્રહણ થાય, અભેદભાવ થાય, ભાવથી અભેદતા થાય, પર્યાય પર્યાય રહે, દ્રવ્ય દ્રવ્ય રહે, પણ ભાવે અભેદતા થાય ત્યારે ચૈતન્યવસ્તુને પકડીને એ પરિણમ્યું-પરિણમન થયું. **'ત્યારે મિથ્યાત્વનો ત્યાગ...'** એટલે નાશ થયો. મિથ્યાત્વનો અભાવ થયો. મિથ્યાત્વ ઉત્પન્ન ન થયું. ત્યારે ખરેખર સમ્યક્ પ્રકારે આત્માએ ત્યાગની શરૂઆત કરી. એ પહેલાંના બહારના ત્યાગ એ ખરેખર ત્યાગ નથી. અને મેં ત્યાગ કર્યો એ ત્યાગના અભિમાનનું ગ્રહણ થયું. ત્યાગના બદલે ત્યાગના અભિમાનનું ત્યાં ગ્રહણ થઈ ગયું છે. એને તો આગળ એમ કહ્યું કે તને શલ્ય થઈ ગયું. મિથ્યાત્વની પુષ્ટિ થઈ.

કહે છે કે **'તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે.'** એ ખરો ત્યાગ (છે). સમ્યક્ પ્રકારે ત્યાગની સાચી પદ્ધતિ, ત્યાગ કરવાની ભગવાને કહેલી રીત મિથ્યાત્વના ત્યાગથી શરૂ થાય છે. પછી અસંયમનો ત્યાગ થાય છે. ભાવ અસંયમનો ત્યાગ થાય છે ત્યારે સાથે સાથે દ્રવ્ય અસંયમનો પણ નિમિત્તપણે અભાવ થાય છે, ત્યારે એને લોકો બાહ્ય ત્યાગ કર્યો એમ પણ સ્વીકારે છે. એ વાત આગળ જતાં એ પદ્ધતિમાં વિકાસ થાય ત્યારે ઊભી થાય છે. એવા યથાર્થ પ્રકારે આગળ વધવું જોઈએ, એમ કહે છે. એ ખરો ત્યાગ છે, લ્યો ! એમ ત્યાગની અહીંયાં વ્યાખ્યા પણ કરવામાં આવી છે. (અહીં સુધી રાખીએ..)

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો

એપ્રિલ - ૧૯૮૮

સમજણની યથાર્થતાનું લક્ષણ એ છે કે 'પરમ સત્'ની અપૂર્વતા ભાસે / ચોંટ લાગે અને (અંતર વળવાનો) સહજ પ્રયાસ શરૂ થાય. (૨૩૨)

પરિણામમાં ઉત્પન્ન રસ તે પરિણામની વ્યક્ત શક્તિ છે. સ્વભાવનો રસ સ્વભાવ શક્તિને વૃદ્ધિગત કરે છે. વિભાવ રસ વિભાવભાવો (શક્તિને) વૃદ્ધિગત કરે છે. તે ધ્યાનમાં / લક્ષમાં લેવા યોગ્ય છે. (૨૩૩)

❀

મે - ૧૯૮૮

આત્મસ્વરૂપની પરમ પવિત્રતા, શુદ્ધતા, સામર્થ્યની શાશ્વત અનંતતા, ધ્રુવતા, અખંડતા જ સમાધિ અને ધ્યાનનું કારણ છે. નિઃચંચળતાનું કારણ છે. આત્મસ્વરૂપ સ્વયં પરમ પ્રયોજનભૂત છે, તે સિવાઈ અન્ય દ્રવ્ય-ભાવ નિષ્પ્રયોજનભૂત છે. (તેમ છતાં) અપ્રયોજનભૂત પ્રત્યે વર્તનારા પરિણામ ચંચળતાના ઉત્પાદક છે, ચંચળતા મલિનતાની ઉત્પાદક છે. સ્વરૂપ ધ્યાની આ સારી રીતે જાણે છે. તેથી અસંગતાને ચાહે છે. અસંગ નિજ તત્ત્વની દૃષ્ટિ અસંગપણાની સાધક છે. જનપદ ત્યાગ ધ્યાનનું અંગ છે. (૨૩૪)

❀

પ્રશસ્ત રાગ ભક્તિનું બહિરંગ છે, 'સત્'નું જ્ઞાન ભક્તિનું અંતરંગ છે, જેનાથી જગત અજાણ છે. - આ રહસ્ય સારભૂત છે. રાગ હેય છે અને ઉક્ત જ્ઞાન ઉપાદેય છે. જે મુમુક્ષુને સમકિતનું કારણ છે, તેમજ સર્વ સાધકને વિશેષે કરીને વર્તે છે. ( કૃપાળુ દેવ) (૨૩૫)

❀

સત્પુરુષની ઓળખાણ થાય છે, ત્યારે તેમના હૃદયમાં બિરાજમાન પરમાત્માના દર્શન, મુમુક્ષુ જીવના જ્ઞાનનેત્રને થાય છે, જેથી અંતરંગ ભક્તિ પ્રગટ થાય છે. આ કારણથી નિજ પરમાત્માના દર્શનને યોગ્ય ભૂમિકાની પ્રાપ્તિ હોય છે. આ પ્રકારે 'સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ' સહજ ઊપજે છે; જે અધ્યાત્મમાર્ગનું મૂળ રહસ્ય છે, જે સત્-પ્રાપ્તિનું નિયમથી કારણ છે. (૨૩૬)

❀

દુઃખ ઈચ્છાના પ્રમાણમાં છે. ઈચ્છાનું મૂળ પરમાં સુખબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે. દુઃખ પ્રતિકૂળ સંયોગ અનુસાર નથી. શાશ્વત ચૈતન્યરૂપ સ્વયંના અનુભવપૂર્વક પર્યાયને સ્વાંગ સમાન જાણે તો મરણ સુદ્ધાનો ભય / દુઃખ રહે નહિ, તે જ મુક્ત ભાવ છે. (૨૩૭)

❀

કુળ-ક્રમથી ધર્મ થતો નથી. સંપ્રદાયબુદ્ધિ પાપની જનક છે. વીતરાગનો માર્ગ અનંત વિશાળ છે. 'સર્વ જીવમાં સમબુદ્ધિ' સ્થાપવા યોગ્ય છે. અંતરમાં વળતા પહેલા સર્વ વિપર્યાસ છૂટવા ઘટે છે. કોઈ પ્રત્યે તિરસ્કારબુદ્ધિ ન હોય ! દુષ્ટવૃત્તિ માત્ર નિષિદ્ધ છે, વ્યક્તિ નહિ, વ્યક્તિ તો એક 'આત્મા' છે જે પરમાર્થે, સ્વરૂપે કરીને પરમાત્મા છે. (૨૩૮)

❀

હયાતિ (અસ્તિત્વ)ને આધાર બુદ્ધિ સાથે સંબંધ છે. આત્મસ્વરૂપમાં રહેલું અનંત સુખ, તેની હયાતિ પ્રતીતમાં આવતાં, જીવને પોતાના સુખ માટે બીજાનો આધાર લેવાનું મટી જાય છે. જ્ઞાનવેદનથી સ્વભાવની અનંતતા – બેહદતાનું અસ્તિત્વ ગ્રહણ થતાં, સર્વ પ્રકારે દીનતા છૂટી જાય અને ચિદ્‌રસ ઉત્પન્ન થાય. (૨૩૯)

❀

વિપરીત શ્રદ્ધાનથી જીવને પરમાં સુખ ન હોવા છતાં, સુખની પ્રતીત છે. તેથી પર વિષયને સુખબુદ્ધિથી ભોગવતાં સુખનો (આભાસરૂપે) અનુભવ થાય છે. પરંતુ વાસ્તવિકતાએ ત્યાં સુખ નહિ હોવાથી કોઈને પણ તૃપ્તિ થતી નથી. આત્મિક સુખની ગટાગટીથી (અનુભવથી) પ્રતીત થતાં આખું જીવન બદલાઈ જાય છે; તે જીવ પરમાં ક્યાંય સુખના કારણે ઠગાતો નથી. (૨૪૦)

❀

સમસ્ત અન્ય મતો, અભિનિવેશમાંથી ઉત્પન્ન થયાં છે, જે દર્શનમોહની તીવ્રતાના દ્યોતક છે. તેથી મુમુક્ષુજીવે અભિનિવેશને સર્વાધિક પાખંડ સમજી, ચેતી, દૂર રહેવા યોગ્ય છે. (૧) લૌકિક અભિનિવેશ અને (૨) શાસ્ત્રીય અભિનિવેશ, બન્નેનું ફળ એક છે. 'અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ' સૌથી ભયંકર અનિષ્ટ છે. (૨૪૧)

❀

૨૫-મે - ૧૯૮૮

ઉદયકાળે પાંચ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું વેદન (ભોગવટો) જીવ જેટલા રસના અનુપાતમાં કરે, (તેથી અશાતા વેદનીનો બંધ રસના પ્રમાણમાં અનુબંધ વાળો પડે. જેના ઉદય પહેલાં ભેદજ્ઞાન શક્તિ સાધી ન હોય તો વેદનાકાળે તન્મય થઈ ને અશાતાનું દુઃખ વેદવું જ પડે) તેટલી પરથી ભિન્ન – જ્ઞાનવેદન કરવાની શક્તિ હણાય છે. (તેથી) પરિણામે શારીરિક વેદનાના ઉદય કાળે, પરવશપણે અશાતા વેદવી પડે છે. પરંતુ ભેદજ્ઞાનના અભ્યાસથી ભિન્ન જ્ઞાનવેદનને કેળવતાં અને વેદનાકાળે તીવ્ર પુરુષાર્થ ફોરવતાં, પુરુષાર્થના અનુપાતમાં જીવ વેદનાથી મુક્ત રહી શકે છે. (૨૪૨)

❀

મુમુક્ષુ જીવ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ-વાંચન, વિચાર કરે, પરંતુ ઉદયમાં પૂર્વવત્ (રુચિથી) ઉદયોને વેદે તો ભેદજ્ઞાનનો પુરુષાર્થ કરવાની શક્તિ હણાઈ હોવાથી, તેનાથી, ઇચ્છા હોવા છતાં, ભેદજ્ઞાન થઈ શકતું નથી. પરંતુ તેને ભેદજ્ઞાન કરવાની સમસ્યા થઈ પડે છે. તેથી જાગૃતિપૂર્વક, ઉદયકાળે મંદ પરિણામે ઉદય-વેદન થાય, (ભેદજ્ઞાનના પ્રયોગને લીધે) તો આગળ વધાય.

વાંચન – વિચાર બાહ્ય ક્રિયા છે, ભાવનાની વૃદ્ધિ અર્થે થવા યોગ્ય છે. ભેદજ્ઞાન અંતરક્રિયા છે. બાહ્યક્રિયા ઉદયાધીન થાય છે. અંતરક્રિયા પુરુષાર્થ આધીન થાય છે. તેથી અંતરક્રિયા કોઈપણ પ્રકારના બાહ્ય સાધન વિના સતત થઈ શકે છે. તેથી બાહ્યદષ્ટિ છોડી, અંતરક્રિયામાં પ્રવર્તવું તે જ હિતાવહ છે.

બાહ્ય કાર્યોની ગણત્રી કરવામાં બાહ્યદષ્ટિ રહે છે, જે અહિતકર છે અથવા અંતરક્રિયાને અવરોધક છે. ખરી આત્મભાવના હોય તો ગણત્રી ન થાય. (૨૪૩)

❀

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૧૫)નું શુલ્ક શ્રી પરિચંદ્ર ઘોષાલ પરિવાર, કલકત્તા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** વિકલ્પ તોડનેકા ઉપાય ક્યા ? વહ બતાઈએ ?

**સમાધાન :–** વિકલ્પસે ભેદજ્ઞાન કરના કિ વિકલ્પ મૈં નહીં હૂં; વિભાવ ભિન્ન હૈ, મૈં ભિન્ન હૂં; મૈં નિર્વિકલ્પ જ્ઞાયકતત્ત્વ હૂં. વિકલ્પસે પહલે ભેદજ્ઞાન કરે ઔર યથાર્થ શ્રદ્ધા કરે કિ મૈં જ્ઞાયક હૂં. જ્ઞાયકકી દૃઢ પ્રતીતિ કરકે-ભીતરમેંસે જ્ઞાયકકો પિછાન કરકે જ્ઞાયકકો ભિન્ન કરે કિ એક જ્ઞાયક મૈં હૂં, વિકલ્પ મેરા સ્વભાવ નહીં હૈ. મેરે પુરુષાર્થકી મંદતાસે વિકલ્પ હોતા હૈ, લેકિન વો મેરા સ્વભાવ નહીં હૈ, મૈં ઈસસે ભિન્ન હૂં, ઐસા વિકલ્પસે ભેદજ્ઞાન કરે. પીછે જ્ઞાયકમેં લીનતા કરે તો વિકલ્પ તૂટે. વિકલ્પકે સાથ એકત્વબુદ્ધિ હો રહી હૈ વહ એકતાબુદ્ધિ તોડ દેના. વિકલ્પ મૈં નહિ, મૈં જ્ઞાયક હૂં, જાનનેવાલા હૂં, ઐસા ભેદજ્ઞાન કરના વોહી વિકલ્પ તોડનેકા ઉપાય હૈ. વિકલ્પ વિકલ્પસે તૂટતા નહીં હૈ. યે વિકલ્પ તોડું-તોડું યે ભી વિકલ્પ હૈ. મૈં જ્ઞાયક હૂં-જ્ઞાયક હૂં ઐસી જ્ઞાયકકી પરિણતિ દૃઢ કરના. જ્ઞાયકકી પરિણતિ દૃઢ કરનેસે ભેદજ્ઞાન હોતા હૈ. **(સ્વાનુભૂતિદર્શન-૪૨૩)**

❁

**પ્રશ્ન :–** મૈં જ્ઞાયક હૂં, જ્ઞાયક હૂં ઐસા બહોત ગોખતા હૂં.

**સમાધાન :–** ઐસા ભીતરમેંસે કરના, ગોખનેસે ભાવનારૂપ (શુભ વિકલ્પ) હોતા હૈ. વહ વિકલ્પ મૈં નહીં હૂં, મૈં જ્ઞાયક નિર્વિકલ્પ તત્ત્વ હૂં, ઐસા ભીતરમેંસે જ્ઞાયકકા બલ પ્રગટ કરના. વિકલ્પસે ભેદજ્ઞાન કરના. **(સ્વાનુભૂતિદર્શન-૪૨૪)**

❁

**પ્રશ્ન :–** જેમ સ્વભાવને ગ્રહણ કરવાનો અભ્યાસ વધતો જાય તેમ એમાં શું બળ આવતું હશે ?

**સમાધાન :–** તેને અભ્યાસ અંતરમાંથી થવો જોઈએ. અંતરમાંથી અભ્યાસ થાય તો બળ આવે. અભ્યાસ થતાં તેની મેળાએ જ તેને દૃઢતા આવી જાય કે રસ્તો આ જ છે. ગમે તેવા ઊંચા વિકલ્પ હોય, તે વિકલ્પ જ છે. તેનાથી મારો સ્વભાવ જુદો છે. બધા વિકલ્પ આકુળતારૂપ છે, શુભ વિચારો તો વચ્ચે આવે છે, પણ મારું જે નિરાળું અસ્તિત્વ છે તે જુદું જ છે, એમ પોતાને ગ્રહણ થવું જોઈએ. **(સ્વાનુભૂતિદર્શન-૪૨૫)**

❁

**પ્રશ્ન :–** હું સામાન્ય દ્રવ્ય છું એમાં શું બધું આવી જાય ?

**સમાધાન :–** હું સામાન્ય દ્રવ્ય છું એમાં બધું આવી જાય; પણ તેથી શું ? સ્વભાવ ગ્રહણ થવો જોઈએ ને ? સામાન્યરૂપે હું છું, હું છું એમ આવે. પણ હું કોણ છું ? ક્યા સ્વભાવે છું ? મારું સ્વરૂપ શું છે ? એ ગ્રહણ થવું જોઈએ. અનાદિથી શરીરમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે; પણ શરીર તો સ્થૂલ છે. એનાથી આગળ જાય તો વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ માને છે; પણ મારું જ્ઞાયકપણું જુદું જ છે એમ માનતો નથી. ક્ષણે ક્ષણે પર્યાયો થાય તેમાં પોતાનું અસ્તિત્વ માન્યું છે, પણ હું તો શાશ્વત ટકનારો છું એમ સ્વભાવ ગ્રહણ થવો જોઈએ. એને માટે એટલી તેની લગની હોય, અંતરમાંથી મહિમા લાગે, ઊંડો જઈને પુરુષાર્થ કરે તો ગ્રહણ થાય. ધીમે કરે કે જલદી કરે પણ કરવાનું એક જ છે. તે ન થાય ત્યાં સુધી તેની જિજ્ઞાસા, તત્ત્વના વિચારો, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા, શ્રુતનું ચિંતવન કર્યા કરે, પણ કરવાનું એક જ છે. બહારના જીવો ક્યાંય પડ્યા છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે કે અંતરમાં કરવાનું છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૨૬)**

**પ્રશ્ન :–** સ્વાનુભૂતિમાં ઉપયોગ છે તે પ્રમાણસ્વરૂપ છે કે નયસ્વરૂપ ?

**સમાધાન :–** સ્વાનુભૂતિમાં ઉપયોગ પ્રમાણસ્વરૂપ છે, અને તે સહજરૂપે છે. દૃષ્ટિ પોતે એમ ને એમ છે અને જ્ઞાન પ્રમાણરૂપે છે. એ બધું નિર્વિકલ્પરૂપે છે. ત્યાં વિકલ્પવાળા નય-પ્રમાણ કાંઈ લાગુ પડતા નથી. સ્વાનુભૂતિના કાળમાં નયપક્ષ ક્યાંય ચાલ્યા જાય છે, નયની લક્ષ્મી ક્યાં ચાલી ગઈ તે દેખાતી નથી, પ્રમાણ અસ્ત થઈ ગયું ને નિક્ષેપોનો સમૂહ ક્યાં ચાલ્યો ગયો તે કાંઈ ખબર પડતી નથી. બધા રાગવાળા નયના પક્ષપાતો છૂટી જાય છે અને સહજ પરિણતિ કે જે જીવનું સ્વરૂપ છે તે એમ ને એમ રહી જાય છે. તે કાળે ઉપયોગ દ્રવ્ય-પર્યાય બધાયને જાણે છે. ઉપયોગ પ્રમાણરૂપ અને શુદ્ધનયરૂપે પરિણતિ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૪૨૭)**

❁

**પ્રશ્ન :–** એકવાર જ્ઞાની થયો અને આનંદ પ્રગટી ગયો તેને આનંદ ગમ્યો, કેવો આનંદ છે તે ખબર પડી, કેવી રીતે પ્રગટ થાય તે પણ ખબર પડી, તો પાછું બીજીવાર શુદ્ધોપયોગ આવતાં વખત શા માટે લાગે ?

**સમાધાન :–** આ સ્વરૂપ આદરણીય છે, સ્વરૂપમાં ઠરવા જેવું છે, આ શુભાશુભ ભાવ હેય છે એવું શ્રદ્ધાનું બળ છે પણ એટલી લીનતા નથી. તે લીનતાની કચાશના કારણે તેને શુદ્ધોપયોગ આવતાં વાર લાગે છે. ત્યાં કાંઈ કૃત્રિમતા કરવાની નથી. કૃત્રિમ લીનતા કરીને અંદર કાંઈ ઠરી શકાતું નથી. બહારનો રાગ જે પડેલો છે અર્થાત્ આસક્તિઓ જે પડેલી છે તેનાથી અંદર ભેદજ્ઞાન તો થઈ ગયું છે; પણ પુરુષાર્થની કચાશને લીધે શુદ્ધોપયોગ આવતાં વાર લાગે છે.


ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિ પુરુષાર્થની મંદતાને કારણે બહારમાં રોકાયેલો હોય, બાહ્યના કાર્યની પ્રવૃત્તિઓના પ્રપંચમાં રોકાયેલો હોય તેમાંથી તેની પરિણતિ નિવૃત્ત થઈને અંદર લીન થઈ જાય ત્યારે તેને ફરીને અનુભૂતિ થાય છે. તેને પુરુષાર્થની મંદતાને કારણે એટલી વાર લાગે છે. તે કૃત્રિમતા કરીને અંદર જતો નથી. બહારના ગૃહસ્થાશ્રમનાં અનેક પ્રકારનાં કાર્યોમાં રોકાયેલો હોય, અનેક જાતના રાગમાં રોકાયેલો હોય ત્યારે પણ અંદર ભેદજ્ઞાનની ધારા પ્રવર્તે છે. હું છૂટો-છૂટો, તેનાથી નિરંતર છૂટો જ છું એવી છૂટાની ધારા પ્રવર્તે છે. તે ધારાના બળે પરની સાથે એકત્વરૂપે થતો નથી, ન્યારો રહે છે. મારું સ્વરૂપ તેનાથી જુદું છે, હું તો જ્ઞાતા છું, એવી ભેદજ્ઞાનની ધારાને કારણે તે ગમે તે કાર્યમાં જાય ત્યાં કર્તા થતો નથી.

જ્ઞાની અંતરમાં ઠરવા માગે છે, પણ પુરુષાર્થની મંદતાએ બહારમાં જોડાય છે. અત્યારે પૂર્ણ વીતરાગ થવાતું હોય તો આ કાંઈ જોતું નથી, એટલું શ્રદ્ધાનું બળ છે; પણ પુરુષાર્થની ગતિ એટલી થતી નથી એટલે બહારમાં રોકાય છે. અત્યારે જો પુરુષાર્થની ગતિ ચાલે તો અંદરમાં જ જવું છે એવી ભાવના છે ને તે માટે નિરંતર પુરુષાર્થ કરે છે. જ્ઞાતાધારા ટકાવવા ને વૃદ્ધિ માટે તેના પુરુષાર્થની ગતિ ચાલુ છે, તેનો પુરુષાર્થ ક્ષણે ક્ષણે ચાલુ જ છે. જ્ઞાયકની જ્ઞાતાધારા અને ઉદયધારા તે બંને વચ્ચે ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે; પણ વિશેષ લીન થઈને અંતરમાં જવા માટે તેની પુરુષાર્થની મંદતા છે, એટલે જઈ શકતો નથી.

સમ્યગ્દર્શન થાય એટલે તરત જ તેને કેવળજ્ઞાન થઈ જાય એવું નથી. કારણ કે અનાદિકાળથી પરિણતિમાં જે અધ્યવસાનના બધા અંશ છે તેનાથી ભેદજ્ઞાન તો થયું, પણ ભેદજ્ઞાન થતાં જ બધો રાગ છૂટી જતો નથી એટલે તેને વાર લાગે છે. અનંતાનુબંધી કષાય ટળી ગયો છે, સ્વરૂપાચરણ પરિણતિ પ્રગટ થઈ છે, પણ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન એવા અલ્પ અલ્પ કષાયો છે તેને લઈને તે અંતરમાં વિશેષ ઠરી શકતો નથી, એટલી પુરુષાર્થની મંદતા છે. જ્ઞાયકની ધારા તો નિરંતર તૂટ પડ્યા વગર-દિવસ ને રાત એમ ને એમ ચાલ્યા જ કરે છે. એમાં તેને જરા પણ તૂટ પડતી નથી, એવી પુરુષાર્થની ધારા ચાલ્યા જ કરે છે. તેને અંતરમાં આનંદ કોઈ અપૂર્વ આવ્યો છે. સ્વાનુભૂતિ કોઈ જુદી લાગે છે ને અંદર ઠરવાનો પ્રયત્ન કરે છે; પણ ઠરી શકતો નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૪૨૮)**

❁




૩૭૯

**મુંબઈ, જેઠ વદ ૦)), શુક્ર, ૧૯૪૮**

**'ઉપાધિજોગનું અધિકપણું વર્તે છે. બળવાન ક્લેશ જેવો ઉપાધિયોગ આપવાની 'હરિઈચ્છા' હશે, ત્યાં હવે તે જેમ ઉદય આવે તેમ વેદન કરવા યોગ્ય જાણીએ છીએ. સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઈ ગયો છે. તથાપિ સંસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી; એ એક પ્રકારનો મોટો 'ક્લેશ' વર્તે છે. તમારા (શ્રી સોભાગભાઈના) સત્સંગને વિષે અત્યંત રુચિ રહે છે, તથાપિ તે પ્રસંગ થવા હાલ તો 'નિર્બળ' થઈ શ્રી 'હરિ'ને હાથ સોંપીએ છીએ. અમને તો કંઈ કરવા વિષે બુદ્ધિ થતી નથી, અને લખવા વિષે બુદ્ધિ થતી નથી. કંઈક વાણીએ વર્તીએ છીએ, તેમાં પણ બુદ્ધિ થતી નથી, માત્ર આત્મરૂપ મૌનપણું, અને તે સંબંધી પ્રસંગ, એને વિષે બુદ્ધિ રહે છે' ...'બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી.'**

પરમ કૃપાળુદેવને વર્તમાન બાહ્ય પરિસ્થિતિ અધિક ઉપાધિવાળી વર્તે છે. બળવાન ક્લેશ થાય તેવો ઉપાધિયોગ પૂર્વકર્મને કારણે હશે, અને તેનો ઉદય સમ્યક્પ્રકારે સમાધાનપૂર્વક ભિન્ન રહીને વેદન કરવા યોગ્ય જાણે છે. ઘણા કાળ પૂર્વે સંસારથી કંટાળો આવી ગયો હોવા છતાં સંસારનો પ્રસંગ ચાલુ રહે છે, અને વિરામ પામતો નથી; તે અરુચિનો પ્રસંગ હોવાથી અને તેનો આદર નહિ હોવાથી, (તેમ છતાં પણ તે પ્રત્યૌ ઉક્ત પ્રકારે સમાધાન હોવાથી), સંસારી જીવથી વિલક્ષણ પ્રકારનો ક્લેશભાવ વર્તે છે. અર્થાત્ અરુચિકર વિષય પ્રત્યે અજ્ઞાન અવસ્થામાં દ્વેષ ઉત્પન્ન થાય તેવો ક્લેશભાવ વર્તતો નથી. પરંતુ સ્વરૂપઆશ્રિત પુરુષાર્થમાં તેનો સહજ નિષેધ આવી જાય છે, તેમ સમજવા યોગ્ય છે.

શ્રી સૌભાગભાઈના સત્સંગની રુચિ હોવા છતાં તેમાં કર્તાપણું નહિ હોવાથી તેપ્રસંગ કુદરત આધીન સમજી, સમાધાન રહે છે. મુખ્યપણે જ્ઞાતાભાવે વર્તના હોવાથી કાંઈ કરવા વિષે, એટલે કે સંયોગિક ફેરફારની પ્રવૃત્તિ કરવા વિષે, બુદ્ધિ થતી નથી. લખવાનું પણ મન થતું થી. પ્રવૃત્તિ કાંઈક થાય છે, તો પણ બોલવાનો અભિપ્રાય નથી. માત્ર આત્મારૂપ થઈ, મૌનપણું ભજાય-તેવો અભિપ્રાય રહે છે.

તેઓશ્રીને દૃષ્ટિના કબ્જામાં પરિપૂર્ણ ગુણનિધાન પરમ તત્ત્વ હોવાથી, ભાવી મોક્ષ-પર્યાયની પણ સ્પૃહાવાળી બુદ્ધિ નથી-આવી એક અલૌકિક પરિતૃપ્તિ વર્તે છે.